# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ચાર દિવસની ગુજરાતની મુલાકાતે આવશે.

2) પ્રયાગરાજમાં મહાકુંભનાં અંતિમ દિવસે પવિત્ર સ્નાન માટે શ્રધ્ધાળુઓનો ધસારો.

3) દેશભરમાં મહાશિવરાત્રિનું પર્વ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવાઈ રહ્યું છે.

4) બિહારમાં નીતિશકુમાર મંત્રીમંડળનું આજે સાંજે વિસ્તરણ થવાની સંભાવના.

5) સુદાનમાં સેનાનું વિમાન તૂટી પડતાં લશ્કરનાં જવાનો અને નાગરિકો સહિત 20થી વધુ લોકોનાં મૃત્યુ.

6) ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં આજે લાહોરમાં ઇંગલેન્ડ-અફઘાનિસ્તાન વચ્ચે ટક્કર.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ STATE VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ચાર દિવસ ગુજરાતનાં પ્રવાસે આવશે. સુશ્રી મુર્મૂ આજે સાંજે નર્મદા જિલ્લાના સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લેશે. અહી પરંપરાગત આદિવાસી નૃત્ય દ્વારા સુશ્રી મુર્મૂનું સ્વાગત કરાશે. તેઓ સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં વ્યૂઇંગ ગૅલેરી, પ્રદર્શનકક્ષ, લાઈટ એન્ડ સાઉન્ડ શૉ નીહાળશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ નર્મદા ઘાટ ખાતે નર્મદા આરતીમાં પણ સહભાગી થશે.

સુશ્રી મુર્મૂ આવતીકાલે એકતાનગરમાં આવેલા આરોગ્યવન, મિયાવાકી ફૉરેસ્ટ, જંગલ સફારી, સરદાર સરોવર બંધ અને એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની મુલાકાત લેશે. આ ઉપરાંત સુશ્રી મુર્મૂ આવતીકાલે અમદાવાદમાં રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રપતિ 28 ફેબ્રુઆરીએ ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી-NFSUના ત્રીજા દીક્ષાંત સમારોહમાં ભાગ લેશે. એ જ દિવસે તેઓ ભુજના સ્મૃતિવન ભુકંપ સ્મારકની મુલાકાત લેશે.

ગુજરાત પ્રવાસનાં અંતિમ દિવસે 1 માર્ચે રાષ્ટ્રપતિ મુર્મુ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાત લેશે.

# PM - VEER SAVARKAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહાન ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકરને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું, રાષ્ટ્ર આઝાદીની ચળવળમાં બલિદાન, હિંમત અને સંઘર્ષથી ભરેલા વીર સાવરકરના અમૂલ્ય યોગદાનને ક્યારેય ભૂલી શકશે નહીં.

# MAHAKUMBH

અને હવે મહાકુંભ અંગેનાં સમાચાર

(OPNING KUMBH MUSIC)

મહાશિવરાત્રિનાં પાવન પર્વ પર આજે પ્રયાગરાજમાં મહાકુંભ ખાતે વહેલી સવારથી લાખો શ્રદ્ધાળુઓ સંગમમાં સ્નાન માટે આવી રહ્યા છે. આ પ્રસંગે 20 ક્વિન્ટલ ગુલાબની પાંખડીઓથી પુષ્પવર્ષા કરવામાં આવી હતી. મહાકુંભમાં અંતિમ મુખ્ય સ્નાનવિધીમાં શ્રધ્ધાળુઓની મોટી સંખ્યાને ધ્યાનમાં લઈને ઉત્તરપ્રદેશ સરકારે તમામ વ્યવસ્થા કરી છે.

મહાકુંભમાં અત્યાર સુધી 65 કરોડથી વધુ શ્રધ્ધાળુઓએ આસ્થાની ડૂબકી લગાવી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વહેલી સવારથી ગોરખપુરમાં કન્ટ્રોલ રૂમમાંથી મહાકુંભની વ્યવસ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી રહ્યા છે.

આજે સવારે નવ વાગ્યા સુધીમાં પ્રયાગરાજનાં વિવિધ સ્ટેશનોથી 115થી વધુ ટ્રેનોએ પ્રસ્થાન કર્યું છે. આ ટ્રેનોમાં છ લાખથી વધુ પ્રવાસીઓએ મુસાફરી કરી છે. મંત્રાલયે જણાવ્યું છે કે, મહા શિવરાત્રિ સ્નાન બાદ વધારાની ટ્રેનો દોડાવવા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સમગ્ર રેલવે કામગીરીનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહ્યા છે.

(CLOSING KUMBH MUSIC)

# MAHAKUMBH KUMBHVANI

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહગલે કહ્યું છે કે, આકાશવાણીએ હંમેશા લોકોને દેશની સંસ્કૃતિ સાથે જોડવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે અને જાહેર પ્રસારણકર્તા તરીકે તેની જવાબદારી ખૂબ ગંભીરતાથી લે છે. મહાકુંભના અંતિમ દિવસે તેમના સંદેશમાં, શ્રી સહગલે કહ્યું કે, 48-દિવસના પ્રસારણ દરમિયાન, આકાશવાણીની કુંભવાણી ચેનલે ઘણા લોકોને સ્પર્શ્યા.

પ્રસાર ભારતીના સીઇઓ ગૌરવ દ્વિવેદીએ મહાકુંભના કવરેજમાં આકાશવાણીની કુંભવાણી ચેનલના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે નોંધ્યું હતું કે આકાશવાણીએ કુંભવાણી દ્વારા રીઅલ-ટાઇમ સમાચાર, ઇન્ટરવ્યુ અને વિશેષ કાર્યક્રમો પ્રદાન કરીને જાહેર સેવા પ્રસારણકર્તા તરીકે તેની ભૂમિકા નિભાવી છે.

આ પ્રસંગે આકાશવાણીના મહાનિર્દેશક, ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌરે ટૂંકા ગાળામાં વિશાળ પ્રેક્ષકો સુધી પહોંચવામાં કુંભવાણીની સફળતાનો સ્વીકાર કર્યો. તેમણે કુંભવાણી ચેનલ પર સતત કાર્યક્રમો રજૂ કરનાર ટીમની પ્રશંસા કરી હતી.

# MAHASHIVRATRI

આજે દેશભરમાં મહાશિવરાત્રિ પર્વની ભારે શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. મધ્યપ્રદેશનાં ઉજ્જૈનમાં મહાકાલેશ્વર, ઉત્તરપ્રદેશનાં વારાણસીનાં કાશી વિશ્વનાથ મંદિર અને ગુજરાતમાં સોમનાથ મહાદેવનાં મંદિરમાં વહેલી સવારથી શ્રધ્ધાળુઓ દર્શન માટે આવી રહ્યા છે અને ભક્તિભાવપૂર્વક અભિષેક અને પૂજા અર્ચના કરી રહ્યા છે.

# GREETINGS - PRESIDENT,VP,PM

દેશભરમાં આજે મહાશિવરાત્રિનો તહેવાર ધાર્મિક, ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજ્જવવામાં આવી રહ્યો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહાશિવરાત્રિના પવિત્ર અવસર પર દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રાર્થના કરી કે, ભગવાન મહાદેવના આશીર્વાદ બધા નાગરિકો પર રહે અને દેશ પ્રગતિના માર્ગ પર આગળ વધે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, પવિત્ર તહેવાર આત્મનિરીક્ષણ અને આધ્યાત્મિક જાગૃતિનું પ્રતીક છે, જે નાગરિકોને જ્ઞાન, ધીરજ અને કરુણાના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે. તેમના આશીર્વાદથી દેશ પ્રગતિ અને સમૃદ્ધિના માર્ગ પર આગળ વધે તેવી શુભેચ્છા પાઠવી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રાર્થના કરી કે, ભગવાન શિવને સમર્પિત આ દિવ્ય પ્રસંગ નાગરિકો માટે ખુશી, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્ય લાવે. પ્રધાનમંત્રીએ આશાવાદ વ્યક્ત કર્યો કે, આ તહેવાર વિકસિત ભારતના સંકલ્પને પણ મજબૂત બનાવે છે.

# GREETINGS - PRESIDENT,VP,PM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહાશિવરાત્રિના પવિત્ર અવસર પર દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રાર્થના કરી કે, ભગવાન મહાદેવના આશીર્વાદ બધા નાગરિકો પર રહે અને દેશ પ્રગતિના માર્ગ પર આગળ વધે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, આ પવિત્ર તહેવાર આત્મનિરીક્ષણ અને આધ્યાત્મિક જાગૃતિનું પ્રતીક છે, જે નાગરિકોને જ્ઞાન, ધીરજ અને કરુણાના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રાર્થના કરી કે, ભગવાન શિવને સમર્પિત આ દિવ્ય પ્રસંગ નાગરિકો માટે ખુશી, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્ય લાવે. પ્રધાનમંત્રીએ આશાવાદ વ્યક્ત કર્યો કે, આ તહેવાર વિકસિત ભારતના સંકલ્પને પણ મજબૂત બનાવે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BIHAR CABINET EXPANSION

બિહારમાં આજે સાંજે મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વ હેઠળના મંત્રીમંડળનું વિસ્તરણ થવાની શક્યતા છે. પટનાના રાજભવન ખાતે યોજાનારા સમારોહમાં અનેક નવા મંત્રીઓને શપથ લેવડાવવામાં આવે તેવી શક્યતા છે. આજે અચાનક જ મહેસુલ અને જમીન સુધારણા મંત્રી ડૉક્ટર દિલિપ કુમાર જયસ્વાલે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. ડૉક્ટર જયસ્વાલે બિહાર ભાજપના અધ્યક્ષપદે પરથી પણ રાજીનામું આપ્યું છે.

ગઈકાલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા અને મુખ્યમંત્રી તેમ જ જનતાદળ યુનાઈટેડના અધ્યક્ષ નીતિશ કુમારે મંત્રીમંડળના વિસ્તરણની પદ્ધતિઓ અંગે ચર્ચા કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, ભાજપ ક્વૉટામાંથી ચારથી પાંચ નવા ચહેરાઓને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવી શકે છે. હાલમાં ભાજપના ક્વૉટાના ઘણા મંત્રીઓ એકથી વધુ મંત્રાલયનો હવાલો સંભાળી રહ્યા છે. તેને ધ્યાનમાં રાખીને નવા મંત્રીઓના શપથગ્રહણ પછી નવા મંત્રીઓને વધારાની જવાબદારીઓ ફાળવવામાં આવશે.

# CBSE DRAFT POLICY

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બૉર્ડ- CBSE વર્ષ 2025-26થી ધોરણ 10ની બૉર્ડની પરીક્ષા 2 વાર યોજવાનું આયોજન કરી રહ્યું છે. બૉર્ડે આ માટે તૈયાર કરેલો મુસદ્દા અંગે નવ માર્ચ સુધી મંતવ્ય મગાવ્યા છે. મુસદ્દામાં પહેલી પરીક્ષા ફેબ્રુઆરીથી માર્ચ સુધી અને બીજી પરીક્ષા મે મહિનામાં યોજવાનો પ્રસ્તાવ છે.

CBSEએ જણાવ્યું, બે-માંથી એક પરીક્ષા મુખ્ય પરીક્ષા હશે. તેમ જ સુધારાની જરૂર પડે તો વિદ્યાર્થીઓ બીજી પરીક્ષામાં સામેલ થઈ શકશે.

# SUDAN PLANE CRASH

સુદાનમાં ઉત્તરી ઓમદુરમાનમાં વાડી સીદ ખાતે લશ્કરનાં વિમાનમથક પાસેનાં રહેણાંક વિસ્તારમાં સુદાનની સેનાનું એક વિમાન તૂટી પડતાં લશ્કરી કર્મચારીઓ અને નાગરિકો સહિત 20થી વધુ લોકોનાં મૃત્યુ થયા હતા. સૈન્યનાં સૂત્રોએ જણાવ્યું કે, ટેકનિકલ કારણોસર વિમાન તૂટી પડ્યું હોવાની શક્યતા છે. મૃતકોમાં ખાર્ટુમના સિનિયર કમાન્ડરનો સમાવેશ થાય છે.

# CRICKET- ICC CHAMPIONS TROPHY

ICC પુરુષ ચેમ્પિયન્સ ટ્રોફીમાં આજે, ગ્રુપ B ની મેચમાં ઇંગ્લેન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે ટક્કર થશે. પાકિસ્તાનના લાહોરના ગદ્દાફી સ્ટેડિયમ ખાતે ભારતીય સમય અનુસાર બપોરે અઢી વાગે મેચ શરૂ થશે. આ મેચ બંને ટીમો માટે નિર્ણાયક રહેશે. હારનાર ટીમ ટુર્નામેન્ટમાંથી બહાર નીકળી જશે.

# WOMENS PREMIER LEAGUE

મહીલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં આજે સાંજે બેંગુલરુમાં યુપી વોરિયર્ઝ અને મુંબઇ ઇન્ડિયન્સ ટકરાશે. સાંજે સાડા સાત વાગે મેચ શરૂ થશે.

ગઈકાલે દિલ્હી કેપિટલ્સે ગુજરાત જાયન્ટ્સને 6 વિકેટે હરાવ્યું હતું. બેંગલુરુનાં ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ માટે ઉતરેલી ગુજરાત જાયન્ટ્સે 20 ઓવરમાં 127 રન કર્યા હતા. ભારતી ફુલમાલીએ સૌથી વધુ 40 રન કર્યા હતા.

જવાબમાં, દિલ્હી કેપિટલ્સે 15.1 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 131 રન કરીને સરળતાથી વિજય મેળવ્યો હતો. પ્લેયર ઓફ ધ મેચ જેસ જોનાસીને 32 બોલમાં 61 અને શેફાલી વર્માએ 27 બોલમાં 44 રન કર્યા હતા. આ સાથે પોઇન્ટ ટેબલમાં દિલ્હી કેપિટલ પ્રથમ ક્રમે આવ્યું છે.